| મહારાષ્ટ્ર | ૪૫ લાખ |
| કર્ણાટક | ૪૫ લાખ |
| આંધ્રપ્રદેશ | ૨૪ લાખ |
| ઓરીસ્સા | ૩૭ લાખ |
| બિહાર | ૯૦ લાખ |
| મધ્યપ્રદેશ | ૪૨ લાખ |
| ઉત્તરપ્રદેશ | ૨૦૦ લાખ |
| આસામ | ૧૦ લાખ |
| મણીપુર | ૭ લાખ |
| મેઘાલય | ૯ લાખ |
| દિલ્લી | ૧૪ લાખ |
| પંજાબ | ૯ લાખ |
| હરિયાણા | ૧૪ લાખ |
| ગોવા | ૫ લાખ |
| કેરલા | ૧૨ લાખ |
| તામીલનાડુ | ૩૬ લાખ |
| છત્તીસગઢ | ૨૪ લાખ |
| ઝારખંડ | ૧૨ લાખ |
| પં. બંગાળ | ૧૮ લાખ |
| ઉત્તરાખંડ | ૨૦ લાખ |
| હિમાચલ | ૪૫ લાખ |
| સીક્કીમ | ૧ લાખ |
| મિઝોરમ | ૧ લાખ |
| નાગાલેન્ડ | ૨ લાખ |
| ત્રિપુરા | ૨ લાખ |
| **કુલ** | **૮૬૫ લાખ** |

**(આઠ કરોડ પાંસઠ લાખ)**

વધુમાં વધુ ઉત્તર પ્રદેશમાં ૧૪%, ૨ કરોડ, ઓછામાં ઓછી સિક્કીમમાં ૧ લાખ.

કુલ વસ્તીના આશરે ૬% આપણા સમાજની વસ્તી છે. અંદાજે આઠ કરોડ પાંસઠ લાખ.

**સંકલન અને પ્રેષક : બાલુભાઈ પારેખ, પ્રકાશક**

## ભાભર તાલુકા લિંબચ યુવા સંગઠન શિક્ષણ સમિતિ દ્વારા પ્રથમ તેજસ્વી તારલા ઈનામ વિતરણ અને સ્નેહ મિલન સમારંભ યોજાયો...

ભાભર તાલુકા નાયી સમાજ શિક્ષણ સમિતિ દ્વારા સૌ પ્રથમ વાર સ્નેહ મિલન સમારંભ અને ભાભર તાલુકાના વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તારીખ ૬/૧/૨૦૨૪ ના રોજ ભાભર શ્રી આનંદ પ્રકાશ ગૌશાળા વાવ રૉડ ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે લિંબચ યુવા સંગઠન ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી મુકેશભાઈ લિંબાચીયા,થરાદ નિવાસી પ્રાથમિક  શાળા પ્રમુખ દાંનાભાઈ નાયી, જીલ્લા પ્રમુખ નાયી વિનૉદભાઈ રિધ્ધિ સિધ્ધિ પાર્ટી પ્લોટ પાલનપુર, એસ પી નાયી શક્તિ વિધ્યાલય પાલનપુર, ભરતભાઈ આંબાભાઈ નાયી થરાદ, તેમજ અતિથિ વિશેષ માં હિંદવાણી પરગણાં વિભાગના પ્રમુખ મંત્રી શ્રીઓ ,સમાજનાં રાજકીય આગેવાનશ્રીઓ, સમાજની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, સમાજના વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં સન્માનનિય ભાઈ બહેનો, ભાભર નાઈ એશિયન તેમજ લિંબચ યુવા સંગઠન રાધનપુર, દિયૉદર, કાંકરેજ, થરાદ વાવ, સુઈગામ તાલુકાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની સુંદર શરૂઆત કરવામાં આવી હતી

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દીપ પ્રાગટ્યથી કરવામાં આવી ત્યારબાદ સમાજના વિદ્યાર્થીઓએ સામાજિક સંગઠન વિશે વક્તવ્ય રજૂ કર્યું તેમજ સમાજની બાળકીઓએ સુંદર સ્વાગત ગીત રજૂ કર્યું ત્યાર પછી સુંદર ગરબો પણ રજૂ કરવામાં આવ્યો સમાજના આમંત્રિત મહેમાનો દ્વારા સમાજનો વિકાસ થાય શૈક્ષણિક સામાજિક આર્થિક રીતે સમાજ સમૃદ્ધ બને સમાજમાં કુરિવાજો દૂર થાય, અંધશ્રદ્ધાઓ દૂર થાય સમાજ  શિક્ષણ પ્રત્યે  જાગૃતતા આવે તેના વિશે પધારેલ મહેમાનો એ ઉદબોધન કર્યું. આ ઉપરાંત ભાભર તાલુકાના ધોરણ 1 થી 12 ભણતા સમાજના વિદ્યાર્થીઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય  પ્રાપ્ત કરનારને શૈક્ષણિક કીટ આપી

બિરદાવવામાં આવ્યા અને પ્રોત્સાહન વધારવામાં આવ્યું. સાથે સાથે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના ભાભર તાલુકાના વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિવિધ વિભાગના કર્મચારીઓ જેવા કે શિક્ષણ વિભાગ, પોલીસ વિભાગ, એસ.ટી વિભાગ, આરોગ્ય વિભાગ અને વિદ્યુત બોર્ડ વિગેરેના કર્મચારીઓ અને વિવિધ સ્પર્ધાઓમાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીનું સન્માનપત્ર અને સંત સેનજી મહારાજ પ્રતિમા આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં ભારે મહેનત થકી નાયી પ્રભુભાઈ ભાભર, નાયી જગાભાઈ ખારા શ્રી શૈલેષભાઈ દિયોદરના પરામર્શ અને માર્ગદર્શન અને લિંબચ યુવા સંગઠન સમસ્ત ભાભર તાલુકાના શિક્ષણ સમિતિના દરેક કમિટી ભાઈઓ તથા ભાભર નાઈ એશૉશીયનના પુરા સહયોગ થકી ભાભર વિસ્તારના યુવાઓ વડીલોના સાથ સહકાર સપોર્ટ થકી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. છેલ્લે આભાર વિધિ સાથે ભાભર તાલુકા શિક્ષણ સમિતિ પ્રમુખ શ્રી ડૉ. દિનેશભાઈ નાયીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાત દિવસ મહેનત કરી લિંબચ યુવા સંગઠન ભાભર કમીટી સભ્યો સાથે ભાભર નાયી એશૉશીયન એ સફળતા અપાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સભા સંચાલન નાયી અશોકભાઈ માસ્તર ધુણસોલ, નાયી મહેશભાઈ માસ્તર રતનપુરા, નાયી દોનાભાઈ માસ્તર દિયોદર દ્વારા કરવામાં આવ્યું હતું.

**પ્રેષક : દિનેશચંદ્ર નાયી, બલોધણ**

# રામચરિતમાનસ રચયિતા સંત તુલસીદાસ

'શ્રી રામચરિતમાનસ'ના રચયિતા ગોસ્વામી તુલસીદાસનું નામ ભારતમાં ઘરે ઘરે જાણીતું છે. તેમનો જન્મ પ્રયાગ પાસે યમુનાની દક્ષિણે રાજાપુર નામના ગામે થયો હતો. તેમના પિતા આત્મારામ દૂબે પ્રતિષ્ઠિત, બુદ્ધિમાન અને શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખનારા માણસ હતા. એમનું ગોત્ર પરાશર હતું. માતાનું નામ હુલસી હતું. તેઓ પતિવ્રતા નારી હતાં. સંવત ૧૫૫૪ના શ્રાવણ સુદ સાતમના દિવસે તુલસીદાસનો જન્મ થયો હતો. બાર મહિના માતાના ગર્ભમાં રહ્યા બાદ તેમનો જન્મ થયો હતો. તુલસીદાસ પૂર્વજન્મમાં વાલ્મીકિ હોવાનું મનાય છે અને હનુમાનજીના આશીર્વાદથી અહીં જન્મ્યા હતા. આશ્ચર્યની વાત એ હતી કે જન્મ વખતે આ નવજાત શિશુ જરા પણ રડ્યું નહોતું. એથી ઊલટું બાળકના મુખમાંખથી 'રામ' શબ્દ નીકળ્યો હતો. વળી, બાળકના મુખમાં તમામ દાંત ઊગેલા હતા.

સ્ત્રીઓમાં આ વાતની ભારે ચર્ચા હતી કે બાળક જન્મતાં જ પાંચ વર્ષની વયનું હોય તેવું લાગે છે. પિતાએ પણ બાળકને જોયું ત્યારે ખેદ થયો કે, 'મારા પૂર્વજન્મના પાપે જ આવો પુત્ર અવતર્યો છે.' શ્રાવણ સુદ દસમની રાત્રે જ્યારે એકાદશી લાગી ગઈ ત્યારે માતા હુલસીના હૃદયમાં સદ્‌બુદ્ધિ આવી. એણે પોતાની દાસીને બોલાવી કહ્યું, 'સખી ! મારું મૃત્યુ હવે નજીકમાં છે. તું મારા આ દીકરાને તારાં સાસુ-સસરાના ઘરે લઈ જા. ત્યાં તું મારા લાલનું લાલનપાલન કરજે. તું એમ નહીં કરે તો મારા ઘરના લોકો મારા આ નાનકડા બાળકને ફેંકી દેશે. તું કોઈ જાણે નહીં એ રીતે આજે રાત્રે જ બાળકને લઈને ચાલી જા.'

આમ કહી હુલસીએ નાનકડું નવજાત શિશુ અને કેટલાંક ઘરેણાં દાસીને આપી દીધાં. દાસી બાળકને લઈ ચાલી ગઈ. એકાદશીના પ્રાતઃકાળે હુલસીએ દેહ છોડી દીધો. દાસીનું નામ ચુનિયા હતું. તે બાળકને લઈ સાસુ-સસરા જ્યાં રહેતાં હતાં તે હરિપુરા ગામે ગઈ. સાસુને બધી વાત કહી. સાસુએ રાજી થઈ બાળકને ગાયનું દૂધ પીવરાવ્યું. બાળક મોટું થવા લાગ્યું. એની પાંચ વર્ષની ઉંમર થતાં ચુનિયાનું મૃત્યુ થયું. આ ઘટનાથી ચિંતિત થયેલી ચુનિયાની સાસુએ બાળકના પિતાને સંદેશો મોકલ્યો, 'આવીને બાળકને લઈ જાવ.'

તો સામેથી ઉત્તર આવ્યો, 'એ બાળકને લઈને હું શું કરું ? એના જન્મતાં જ એની માતા મૃત્યુ પામી. એને ઉછેરનાર દાસી ચુનિયા પણ મૃત્યુ પામી. બાળક જ અભાગી છે. એ જીવે કે મરે તેની મને ચિંતા નથી.'

બાળક હવે અનાથ બની ગયું. તેને રાખવાવાળું કોઈ નહોતું. બાળક અનાથ હાલતમાં ઘરે ઘરે ભટકવા લાગ્યું. બાળકની આ અવસ્થા જોઈ મહાદેવનાં અર્ધાંગિની

દેવી પાર્વતીને દયા આવી. તેઓ એક બ્રાહ્મણસ્ત્રીનો વેશ ધારણ કરી રોજ એ ગામમાં આવતાં અને બાળકને ભોજન કરાવી જતાં રહેતાં. આવું બે વર્ષ ચાલ્યું. ભગવાન શિવે પાર્વતીજીનું આ વ્રત જોઈ વિચાર્યું કે, આ બાળકનાં અન્ન, વસ્ત્ર, વિદ્યાભ્યાસ વગેરેનો પ્રબંધ કરવો જોઈએ. મહાદેવે રામશૈલ પર રહેતા અનંતાનંદજીના શિવ નરહર્યાનંદજીને દર્શન દીધાં અને ભગવાન શ્રીરામની કથા સંભળાવી. મહાદેવે નરહર્યાનંદજીને કહ્યું : તમે હરિપુરાવાળા અનાથ બ્રાહ્મણ બાળક પાસે જાવ અને તેને વૈષ્ણવી દીક્ષા દઈ ભગવાન શ્રીરામનું ચરિત્ર સંભળાવો. જ્યારે એ બાળકની આંતરદષ્ટિ ખૂલી જશે ત્યારે તે એનો વિસ્તાર કરશે.

નરહર્યાનંદજીએ મહાદેવની આજ્ઞાનું પાલન કર્યું. તેઓ હરિપુરા ગામ ગયા. અનાથ થઈ ગયેલા બાળકને શોધી કાઢી તેનું નામ **'રામબોલા'** રાખ્યું. તેને તેઓ અયોધ્યા લઈ ગયા અને ત્યાં સંવત ૧૫૬૧ માઘ શુક્લા પંચમી શુક્રવારે તેનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. વગર શીખવાડ્યે જ બાળકે ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કર્યો. આ જોઈ સહુ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યાર પછી નરહરિ સ્વામીએ વૈષ્ણવોના પાંચ સંસ્કાર કરી રામબોલાને રામમંત્રની દીક્ષા આપી અને અયોધ્યામાં જ રહી તેને વિદ્યાધ્યયન કરાવવા લાગ્યા. બાળક રામબોલાની બુદ્ધિ ઘણી પ્રખર હતી. એક વાર ગુરુમુખથી જે સાંભળી લેતા હતા, તેમને તે કંઠસ્થ થઈ જતું હતું. ત્યાંથી થોડા દિવસો પછી ગુરુ-શિષ્ય બંને શુકરક્ષેત્ર (સોરો) પહોંચ્યા. ત્યાં નરહરિજીએ તુલસીદાસને રામચરિત સંભળાવ્યું. થોડા દિવસો પછી તેઓ કાશી ચાલ્યા આવ્યા. કાશીમાં શેષસનાતનજી પાસે રહી તુલસીદાસે પંદર વર્ષ સુધી વેદ-વેદાંગનું અધ્યયન કર્યું. અહીં તેમની લોકવાસના જાગૃત થઈ ગઈ અને પોતાના વિદ્યાગુરુ પાસેથી આજ્ઞા લઈને તેઓ પોતાની જન્મભૂમિ પાછા ફર્યા. ત્યાં આવી તેમણે જોયું તો તેમનો સમગ્ર પરિવાર નષ્ટ થઈ ચૂક્યો છે. તેમણે વિધિપૂર્વક પોતાના પિતા આદિનું શ્રાદ્ધ કર્યું અને ત્યાં રહી લોકોને ભગવાન રામની કથા સંભળાવવા લાગ્યા.

સંવત ૧૫૮૩ જેઠ સુદ ૧૩ના ગુરુવારે ભારદ્વાજ ગોત્રની એક સુંદર કન્યા રત્નાવલી સાથે તેમનો વિવાહ થયો અને તે સુખપૂર્વક પોતાની નવવિવાહિતા સાથે રહેવા લાગ્યા. એક વાર તેમની પત્ની ભાઈ સાથે પોતાના પિયરે ચાલી ગઈ. પાછળ-પાછળ તુલસીદાસજી પણ ત્યાં જઈ પહોંચ્યા. તેમની પત્નીએ આ ઉપર તેમને ખૂબ ધિક્કાર્યા અને કહ્યું કે, 'મારા આ હાડ-માંસના શરીરમાં જેટલી તમારી આસક્તિ છે તેનાથી અડધી પણ જો ભગવાનમાં થઈ હોત તો તમારો બેડો પાર થઈ ગયો હોત.' તુલસીદાસજીને આ શબ્દ લાગી આવ્યા. તેઓ એક ક્ષણ પણ ન રોકાયા, તુરંત ત્યાંથી ચાલી પડ્યા. ત્યાંથી ચાલી તુલસીદાસજી પ્રયાગ આવ્યા. ત્યાં તેમણે ગૃહસ્થ વેશનો પરિત્યાગ કરી સાધુવેશ ગ્રહણ કર્યો. પછી તીર્થાટન કરતા કાશી પહોંચ્યા. માનસરોવર પાસે તેમને કાકભુશુંડીનાં દર્શન થયાં. બીજી તરફ પતિ ચાલ્યા ગયા છે એ વાતની ખબર પડતાં તેમનાં પત્ની રત્નાવલી તેમને શોધવા નીકળી પડ્યાં. તેઓ હૃદયથી પતિને ચાહતાં હતાં. પતિ ન મળતાં તેઓ મૂર્છિત થઈ ગયાં અને સંવત ૧૫૮૯ના અષાઢ વદ દસમના દિવસે તેમણે દેહત્યાગ કર્યો..

તુલસીદાસે કાશીમાં ગૃહસ્થ વેશ ત્યજી દીધો. તુલસીદાસ રોજ શૌચક્રિયા માટે જંગલમાં જતા હતા. પાછા વળતાં બાકી રહેલું જળ તેઓ એક પીપળાનાં વૃક્ષ નીચે રેડી દેતા. એ પીપળા પર એક પ્રેત રહેતું હતું. તુલસીદાસ જે જળ રેડતા તેથી તેની તરસ મટી જતી. એક દિવસે પ્રેત તુલસીદાસ સામે પ્રત્યક્ષ થયું અને કહ્યું, 'આપની જે ઇચ્છા હોય તે માગો, હું તે પૂર્ણ કરીશ.'

તુલસીદાસે કહ્યું, 'હું ભગવાન શ્રીરામનાં દર્શન કરવા ઇચ્છું છું.'

પ્રેત બોલ્યું, 'તમે જ્યાં કથા કરો છો ત્યાં શ્રીરામકથા સાંભળવા શ્રીહનુમાનજી રોજ આવે છે. તેમને એ રીતે ઓળખી શકાય કે તેઓ બધાની પહેલાં આવે છે અને બધાં જાય તે પછી જાય છે. તેમનો વેશ અમંગળ હોય છે. તેમના શરીર પર કોઢ હશે. આવી કોઈ વ્યક્તિ દેખાય તો તેમનાં ચરણ પકડી લેજો અને હઠ કરજો કે મારે ભગવાન શ્રીરામનાં દર્શન કરવાં છે.'

બીજા દિવસે તુલસીદાસે તેમજ કર્યું. શ્રી હનુમાનજીએ દર્શન આપ્યાં અને કહ્યું, 'તમે ચિત્રકૂટ જાવ ત્યાં તમને ભગવાન શ્રીરામનાં દર્શન થશે.'

ચિત્રકૂટ પહોંચી રામઘાટ પર તેમણે પોતાનું આસન જમાવ્યું. એક દિવસ તે પ્રદક્ષિણા કરવા નીકળ્યા

હતા. માર્ગમાં તેમને શ્રીરામના દર્શન થયાં. તેમણે જોયું તો બે ખૂબ જ સુંદર રાજકુમાર ઘોડા પર સવાર થઈ ધનુષ-બાણ લઈ જઈ રહ્યા છે. તુલસીદાસજી તેમને જોઈ મુગ્ધ થઈ ગયા, પરંતુ તેમને ઓળખી ન શક્યા. પાછળથી હનુમાનજીએ આવીને તેમને બધો ભેદ સમજાવ્યો ત્યારે તેઓ ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. હનુમાનજીએ તેમને સાંત્વન આપ્યું અને કહ્યું પ્રાતઃકાલ ફરી દર્શન થશે.

સંવત ૧૬૦૭ની મૌની અમાસના બુધવારે તેમની સામે ભગવાન શ્રીરામ પુનઃ પ્રકટ થયા. તેમણે બાળક રૂપમાં તુલસીદાસજીને કહ્યું, 'બાબા ! અમને ચંદન આપો.' હનુમાનજીએ વિચાર્યું, કદાચ તેઓ આ વખતે પણ તે ભૂલ ન ખાઈ જાય, માટે તેમણે પોપટનું રૂપ ધારણ કરી આ દોહો કહ્યો.

ચિત્રકૂટ કે ઘાટ પર ભયિ સંતન કી ભીર,
તુલસીદાસજી ચંદન ઘીસે તિલક દેત રઘુબીર.

તુલસીદાસજી તે અદ્‌ભુત છબી નિહાળી શરીરનું ભાન ભૂલી ગયા. ભગવાને પોતાના હાથથી ચંદન લઈ પોતાના તથા તુલસીદાસજીના મસ્તક પર લગાવ્યું અને અન્તર્ધ્યાન થઈ ગયા.

સંવત ૧૬૨૮માં તેઓ હનુમાનજીની આજ્ઞાથી અયોધ્યા તરફ ચાલી નીકળ્યા. તે દિવસોમાં પ્રયાગમાં મહા માસનો મેળો ભરાયો હતો. ત્યાં થોડા દિવસો તેઓ રોકાઈ ગયા. પર્વના છ દિવસો પછી એક વટવૃક્ષ નીચે તેમને ભારદ્વાજ અને યાજ્ઞવલ્ક્ય મુનિનાં દર્શન થયાં. ત્યાં તે સમયે તે જ કથા થઈ રહી હતી, જે તેમણે શુકરક્ષેત્રમાં પોતાના ગુરુ પાસે સાંભળી હતી. ત્યાંથી તેઓ કાશી ચાલ્યા આવ્યા અને ત્યાં પ્રહ્‌લાદ ઘાટ પર એક બ્રાહ્મણના ઘરે નિવાસ કર્યો. ત્યાં તેમની અંદર કવિત્વશક્તિની સ્ફુરણા થઈ અને તેઓ સંસ્કૃતમાં પદ્યરચના કરવા લાગ્યા, પરંતુ દિવસે તેઓ જેટલાં પદ્ય રચતા, રાત્રે તે બધાં લુપ્ત થઈ જતાં. આ ઘટના રોજ ઘટતી. આઠમા દિવસે તુલસીદાસજીને સ્વપ્ન આવ્યું. ભગવાન શંકરે તેમને આદેશ આપ્યો, 'તું તારી પોતાની ભાષામાં કાવ્ય-રચના કર.' તુલસીદાસજીની ઊંઘ ઊડી ગઈ. તેઓ ઊઠી બેસી ગયા. તે સમયે ભગવાન શિવ અને પાર્વતી તેમની સામે પ્રકટ થયા. તુલસીદાસજીએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. શિવજીએ કહ્યું, 'તમે અયોધ્યામાં જઈ રહો અને હિન્દીમાં કાવ્ય-રચના કરો. મારા આશીર્વાદથી તમારી કવિતા સામવેદ સમાન ફલવંતી થશે.' તુલસીદાસજીએ તેમની આજ્ઞા શિરોધાર્ય કરી કાશીથી અયોધ્યા ચાલ્યા આવ્યા.

સંવત ૧૬૩૧ પ્રારંભ થયો. તે દિવસે રામનવમીના દિને પ્રાયઃ એવો જ યોગ હતો. જેવો ત્રેતાયુગમાં રામજન્મના દિવસે હતો. તે દિવસે પ્રાતઃ કાલે તુલસીદાસજીએ શ્રીરામચરિતમાનસની રચનાનો પ્રારંભ કર્યો. બે વર્ષ, સાત મહિના, છવ્વીસ દિવસોમાં ગ્રંથની સમાપ્તિ થઈ. સંવત ૧૬૩૩ના માગસર સુદ પક્ષમાં રામવિવાહના દિવસે સાત કાંડ પૂર્ણ થઈ ગયા. તે પછી ભગવાનની આજ્ઞાથી તુલસીદાસ કાશી ચાલ્યા આવ્યા. ત્યાં તેમણે ભગવાન વિશ્વનાથ અને માતા અન્નપૂર્ણાને શ્રીરામચરિતમાનસ સંભળાવ્યું. રાત્રે પુસ્તક શ્રી વિશ્વનાથજીના મંદિરમાં રાખવામાં આવ્યું. સવારે જ્યારે પટ ખોલવામાં આવ્યા તો તેના પર લખેલું મળ્યું, 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' અને નીચે ભગવાન શંકરની સહી હતી. તે સમયે ઉપસ્થિત લોકોએ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'નો અવાજ પણ કાનેથી સાંભળ્યો.

અહીં પંડિતોએ જ્યારે આ વાત સાંભળી તો તેમના મનમાં ઈર્ષા ઉત્પન્ન થઈ. તેઓ જૂથ બનાવી તુલસીદાસજીની નિંદા કરવા લાગ્યા અને પુસ્તકને નષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેમણે પુસ્તક ચોરવા માટે બે ચોર મોકલ્યા. ચોરોએ જઈ જોયું તો તુલસીદાસજીની ઝૂંપડીની આસપાસ બે વીર ધનુષ્યબાણ લઈ પહેરો દઈ રહ્યા છે. તેમનાં દર્શનથી ચોરોની બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ. તેમણે તે જ સમયથી ચોરી છોડી અને ભજનમાં લાગી ગયા. તુલસીદાસજીએ પોતાના માટે ભગવાનને કષ્ટ થયું જાણી ઝૂંપડીનો બધો સામાન લૂંટાવી દીધો, પુસ્તકો પોતાના મિત્ર ટોડરમલ પાસે રખાવી દીધાં. ત્યાર પછી તેમણે એક બીજી પ્રત લખી. તેના જ આધાર પર બીજી પ્રતિલિપિઓ તૈયાર કરવામાં આવી. પુસ્તકનો પ્રચાર દિવસે દિવસે વધવા લાગ્યો.. અહીં પંડિતોએ અન્ય કોઈ ઉપાય ન જોતાં મધુસૂદન સરસ્વતીજીને તે પુસ્તક દેખાડવાની પ્રેરણા આપી. મધુસૂદન સરસ્વતીજીએ તેને જોઈ ખૂબ પ્રસન્નતા પ્રકટ કરી અને તે પર આ સંમતિ લખી આપી.

આનન્દકાનને હ્યાસ્મિ-જઙ્ગમસ્તુલસીતરુઃ/
કવિતામન્જરી ભાતિ રામભ્રમભૂષિતા.

'આ કાશીરૂપી આનંદવનમાં તુલસીદાસ ચાલતો-ફરતો તુલસીનો છોડ છે. તેની કવિતારૂપી મંજરી ખૂબ

જ સુંદર છે, જેના પર શ્રીરામરૂપી ભમરો સદા મંડરાયા કરે છે.' પંડિતોને આનાથી પણ સંતોષ ન થયો. ત્યારે પુસ્તકની પરીક્ષાનો એક ઉપાય વધુ વિચારવામાં આવ્યો. એક મંદિરમાં ભગવાન વિશ્વનાથની સામે સૌથી ઉપર વેદ, તેની નીચે શાસ્ત્ર, શાસ્ત્રોની નીચે પુરાણ અને સૌથી નીચે રામચરિતમાનસ રાખી દેવામાં આવ્યું. સવારે મંદિર ખોલવામાં આવ્યું તો લોકોએ જોયું કે રામચરિતમાનસ વેદોની ઉપર રખાઈ ગયું છે. હવે તો પંડિત લોકો ખૂબ લજ્જિત થયા અને માફી માગી. ત્યાર પછી તુલસીદાસજી અસીઘાટ પર રહેવા લાગ્યા. રાત્રે એક દિવસ કલિયુગ મૂર્તરૂપ ધારણ કરી તેમની પાસે આવ્યો અને તેમને ત્રાસ દેવા લાગ્યો. ગોસ્વામીજીએ હનુમાનજીનું ધ્યાન ધર્યું. હનુમાનજીને તેમને વિનયના પદ રચવા કહ્યું, આથી 'વિનય-પત્રિકા' લખી અને ભગવાનનાં ચરણોમાં ધરી દીધી. શ્રીરામે તે પર પોતાના હસ્તાક્ષર કરી દીધા. અને તુલસીદાસજીને નિર્ભય કરી દીધા. સંવત્ ૧૬૮૦ના શ્રાવણ વદ તૃતીયા શનિવારે ગોસ્વામીજીએ રામ-રામ કહેતાં પોતાનું શરીર પરિત્યાગ કર્યું.

તુલસીદાસકૃત મુખ્ય ગ્રંથો આ પ્રમાણે છે; દોહાવલી કવિતારામાયણ, કવિતાવલી, રામચરિતમાનસ, રામ-લલાનહછુ, પાર્વતીમંગલ, જાનકીમંગલ, બરવૈ રામાયણ, રામાજ્ઞા, વિનય-પત્રિકા, વૈરાગ્ય સંદીપની, કૃષ્ણ ગીતાવલી. આ ઉપરાંત રામસતસઈ, સંકટમોચન, હનુમાન બાહુક, રામનામ મણિ, કોષમંજૂષા, રામશલાકા, હનુમાન ચાલીસા આદિ ગ્રંથ પણ પ્રસિદ્ધ છે.

**સાભાર : (સંસ્કાર) 'સંદેશ પૂર્તિ'**

## નંદ રાજવંશનો ગૌરવશાળી ઈતિહાસ

**(ઑલ ઇન્ડિયા મહાપદ્મનંદ કમ્યુનિટી એજ્યુકેટેડ એસોસીએશન-દિલ્હી દ્વારા હિન્દી ભાષામાં પ્રકાશિત પુસ્તકને ગુજરાતી ભાષામાં અનુવાદિત કરી પુસ્તિકાસ્વરૂપે પ્રગટ કરનાર પ્રદેશ સમિતિના સભ્ય રમેશભાઈ બી. ચાવડા ધ્રાંગધ્રાની અપીલ આધારિત આ લેખ મૂક્યો છે.)**

પ્રાચીન ભારતનો ગૌરવશાળી ઇતિહાસ રહ્યો છે. આપણા ઐતિહાસીક મહાપુરુષ કોઈ ભગવાન અથવા દેવીદેવતાથી કોઈ પણ મામલામાં ઓછા ન હતા, તેમની નીતિ સંપૂર્ણ વિશ્વમાં વખાણવા લાયક હતી. જેને જોઈ અને સાંભળીને આખા વિશ્વના માણસો ભારતને

## BIO -DATA



**PERSONAL DETAILS**

| | |
|---|---|
| Name | : **Nishil Munjpara** |
| Address | : B-654, Vaikunth Township, Nr.Shree Ambe Vidhyalaya, Waghodia Road, Vadodara-19. |
| Date of Birth | : 24/09/1996 |
| Birth Time | : 05-20 A.M. |
| Birth Place | : Vadodara |
| Height | : 5'-6" |
| Caste | : Hindu |
| Education | : B.E. Chemical Engineering Master in Advance Chemical and Petroleum Eng. from UK on Work Visa in U.K., Lonodn. |
| Occupation | : Job |
| Hobby | : Cricket, Movies |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Father's Name | : Nishit Ramjibhai Munjpara |
| Qualification | : (M.Sc.) |
| Occupation | : Senior Production Manager |
| Mobile No. | : 9825825498 |
| Mother's Name | : Sonal Nishit Munjpara |
| Qualification | : (D.E.E., BEd. MA) |
| Occupation | : Teacher |
| Mobile No. | : 9408341611 |
| Siblings | : No |
| Native Place | : Limbdi (Minapur Vala), Surendranagar. |
| Mosal | : Jitendra Panara (Nanaji, Retd. SBI Manager) Dhanlaxmi Panara (Nani) Vadodara |

વિશ્વગુરૂ, જગતગુરૂ તથા સોનાની ચિડિયાના નામથી ઓળખતા હતા અને તેની શક્તિને કબૂલતા હતા. પરંતુ તે ગૌરવશાળી જૂનો ઇતિહાસ ક્યાં ગાયબ થઈ ગયો એ ખૂબ મોટો સવાલ છે જે આજે ગોતવાથી પણ નથી મળતો. ડૉ. રાજવંશ સહાય લખે છે કે 'પતંજલિ એ ચક્રવર્તી સમ્રાટ મહાપદ્માનંદ' ઉપર મહાનન્દ નામથી એક મહાકાવ્યની રચના કરી હતી જે સમુદ્રગુપ્ત દ્વારા રચિત 'કૃષ્ણચરિત્ર'ના પ્રથમ ત્રણ શ્લોકોથી જાણકારી મળે છે. પરંતુ આ મહાકાવ્યનું વર્ણન માત્ર આજે બાકી બચે છે. (મતલબ મૂળ ગ્રંથ નાશ પામેલ છે. અથવા અપ્રાપ્ય છે.)

## ઐતિહાસિક પ્રમાણ

ચક્રવર્તી સમ્રાટ મહાપદ્માનંદનો ઇતિહાસ, ઓરીસ્સામાં ઉદયગિરિ પર્વતમાળાથી દક્ષિણ ભાગમાં એક પ્રાકૃતિક ગુફા છે જેને હાથી ગુફા કહેવામાં આવે છે તેમાં મળેલ પાલી ભાષાને મળતી ઝુલતી પ્રાકૃત ભાષા તથા બ્રાહ્મી લિપિના ૧૭ પંક્તિમાં લખેલ અભિલેખથી પ્રાપ્ત થાય છે. જેના પંક્તિ ૬ તથા ૧૨માં નંદરાજાના વિષયમાં કલિંગના રાજા ખારવેલ દ્વારા કોતરકામ કરાવેલ હોય તેવું માનવામાં આવે છે. આ હાથી ગુફા અભિલેખને ઈ.સ. પૂર્વ પહેલી સદીનો માનવામાં આવે છે. આ અભિલેખના સંબંધમાં કે. પી. જયસ્વાલ તથા બેનર્જીના સંયુક્ત પ્રયાસ વિશેષ વિચારણીય છે. દિનેશ ચંદ્ર સરકાર દ્વારા જે પાઠ (નોંધ) રજુ કરવામાં આવેલ છે તે આ મુજબ છે.

## પુરાતત્ત્વીય શિલાલેખીય આલેખન પુરાવા

(૧) ભિંગારે (હિ)ત-રતન સપતેયે સવ-રઠિક ભોજકે પાદે વંદાપયતિ (૨) પંચમેં ચંદની વસે નંદરાજ-તિ-વસ-સતો(ધા) ટિંત તનસુલિય-વાટા-પર્ણાડિં નગરં પ્રવેશ ય તિ સો-(અ) ભિસિતો ચ(છઠે બસ) રાજસેયં સંદદંતો સબકર-બણ.

## અનુવાદ

જેના છત્ર શણગાર લીલા રત્નો સંપત્તિનું અપહરણ કરી લેવામાં આવ્યું છે તે રાષ્ટ્રીય (નાગરિક) તથા ભોજકો (એક અર્થ રાજાઓ)થી પોતાના ચરણોની વંદના કરાવે છે. તથા પાંચમાં આ વર્ષ તન સુલીય બાટા પ્રણાલી નહેરને, જેણે નંદરાજાએ ૩૦૦ વર્ષ પહેલા ખોદાવી હતી હજારો મુદ્રા વાપરીને (ખર્ચ કરીને) નગરમાં પ્રવેશ કરાવે છે તથા રાજ્યાભિષેકના છઠા વર્ષે રાજ્યના સમૃદ્ધિના પ્રદર્શન નિમિત્તે બધો રાજકર માફ કરી દે છે.

(૨) 'મગધાનં ચ વિપુલં ભયં જનેતો હથવં ગંગાય પાયયતિ (૫) મગધં ચ રાજનં બહસતિમિતં પાદે બંદાપયતિ (૧) નંદરાજનીતં ચ કલિગં જિનં સંનિકેશ (પૂજ્યતિ કોસાત) ગહરતન-પડ઼ી હારેહિ અંગ-મગધ વસું ચ નયતિ (૫૫)

## અનુવાદ

મગધવાસીઓમાં ખૂબ જ ભય ઉત્પન્ન કરાવતા હાથિઓ અને ઘોડાઓને ગંગામાં પાણી પિવડાવે છે તથા મગધનરેશ બહસતિમિતિથી પોતાના ચરણોની વંદના કરાવે છે. તથા નંદરાજની નીતિથી કલિંગ (ઓરીસ્સા) જીતની પૂજા કરે છે. તે ધન ભંડારમાંથી ગૃહરત્ન અપહરણ કરીને અંગ તથા મગધનું ધન બસુથી લઈ આવે છે.

શિલાલેખીય પંક્તિઓથી મગધપતિ નંદરાજ મહાપદ્મનંદ એક ઐતિહાસિક તથા રાજનૈતિક પ્રથમ ચક્રવર્તી સમ્રાટ તથા મહાપુરુષ પ્રગટ(દેખાય) થાય છે. આ શિલાલેખથી આ પણ પ્રમાણિત (સાબિત) થાય છે કે નન્દરાજ એ સિંચાઈ ને માટે હજારો સુવર્ણ મુદ્રાઓ ખર્ચ કરીને નહેર ખોદાવી હતી તથા નંદરાજાની નીતિથી કલિંગ (ઓરીસ્સા) જીતની પૂજા કરતા હતા. શશિકાંતે તિવસ સતકોને મહાવીર સવંતના ૧૦૩ વર્ષ અનુમાન કરે છે. જ્યારે મારી સમજ મુજબ તે ૩૦૦ વર્ષ ને પ્રગટ કરે છે જે ખારવેલના પ્રથમ રાજ્યારોહણના ત્રણસો વર્ષ પહેલા નહેર બનાવી હોય તેવું વ્યક્ત કરે છે. આ પ્રકારથી ખારવેલનો સમય ઇ.સ. પૂર્વ પહેલી સદી નક્કી થાય છે તેના સમકાલિન શાતકર્ણિ, યવનરાજ, દમિતીયસ એટલે બ્રહ્મદ્રથ પુત્ર જરાસંઘ તથા મગધરાજ બહસતિમિત્ર એટલે પુષ્યમિત્ર શૃંગ રાજા હતા.

આ શિલાલેખની પંક્તિ ૧૬માં પાનતરિય-સાથિવસ સતેરાજ મુરિય કાલે પાઠ (લખાણ)ના આધાર

પર તેને મૌર્યકાળના ૧૬૫ વર્ષનો ઉલ્લેખ માને છે તથા તિવસ સતનો અર્થ નંદરાજના ૩૦૦ વર્ષ ગ્રહણ (રાજ) કર્યું તેમ માનવામાં આવે છે. આ શિલાલેખથી નંદ તથા મૌર્ય બન્ને મગધના રાજવંશ પ્રગટ (દેખાય) થાય છે જેમાં નંદવંશ મૌર્યથી પહેલા હતો અથવા એમ કહેવાય કે નંદવંશના તુરંત પછી જ મૌર્યવંશ મગધની ગાદી પર એક ઉત્તરાધિકારી (વંશવારસના રૂપમાં)ના રૂપમાં સત્તા ઉપર આવ્યો. કોઈ અયોગ્ય નહિ હોય પરંતુ વિદ્વાનો એ શિલાલેખમાં જેને મુરિયકાળ વાંચ્યો છે ત્યાં શિલાલેખમાં વસ્તુતઃ મુખિય કલા લખેલું છે જેનો અર્થ મુખ્ય કલાથી છે. આ પ્રકારે અભિલેખમાં મૌર્ય અથવા મુરિય શબ્દનું ક્યાંય પણ મળવું પ્રમાણીત (સાબિત થતું) નથી (મતલબ અભિલેખમાં ક્યાંય મૌર્ય શબ્દ મળતો નથી) આ પ્રકારે મૌર્યવંશને એક અલગ રાજવંશને વ્યક્ત કરવો (બતાવવો) બધી રીતે અયોગ્ય છે.

આશ્ચર્ય છે કે સમ્રાટ અશોકના આજ સુધીના પ્રાપ્ત પુરાતાત્ત્વિક અભિલેખ સૌથી વધારે ૧૬૩ની સંખ્યામાં મળેલ છે. પરંતુ કોઈ પણ અભિલેખમાં તેના વંશપરંપરાને મૌર્યવંશી કહેવામાં આવેલ નથી. અને ન તો તેના દ્વારાથી આ શબ્દ નામને ઇંગિત (ચિન્હીત/ખાસ ઓળખાવવું) કરવામાં આવ્યો છે. અંતે આથી પણ સ્પષ્ટ થાય છે કે ચંદ્રગુપ્ત અથવા સમ્રાટ અશોક નંદવંશી નાગવંશી મગધરાજના પરિવારના અભિન્ન અંગ છે. (મતલબ નંદ પરિવારથી અલગ નથી.)

## સાહિત્યિક પ્રમાણ

અંગુતર નિકાયમાં જે સોળ મહાજન પદોનું વર્ણન મળે છે તે કલ્પના પર આધારિત નથી. આ સોળ મહાજનપદ તે સમયે હકીકતમાં હાજર હતા (તેનું અસ્તિત્વ હતું) જેને મગધપતિ, પૃથ્વીપતિ, એકરાટ એકછત્ર રાજ્ય કરવાવાળા સર્વક્ષત્રાંતક (બધા ક્ષત્રિયોને પરાજય આપનાર/અંતકરનાર) ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મનંદ દ્વારા જીતી લેવામાં આવ્યા હતા તથા તે બધાને પોતાના આધીન (વશમાં) કરી લેવામાં આવ્યા હતા. ભગવતી સૂત્રમાં ૧૬ મહાજનપદોનો ઉલ્લેખ છે. ઐતિહાસિક દૃષ્ટિથી બૃહતકલ્પ, સૂત્રભાષ્ય, કલ્કિપુરાણ, કથાકોષ, મહત્ત્વપૂર્ણ જૈન ગ્રંથ હેમચન્દ્રકૃત પરિશિષ્ટ

## BIO -DATA



**Personal Details :**

| | | |
|---|---|---|
| Name | : | **Dr. Vidhi J. Limbachiya** |
| Birth Date | : | 18-10-1997 |
| Height | : | 5 ft |
| Education | : | M.B.B.S. (GMERS Medical College Dharpur, Patan) Preparing for NEET for Post Graduation study. |
| Hobby | : | Reading, Travelling, Listening Music |

**Family Details :**

| | | |
|---|---|---|
| Native Place | : | Aithor (Mehsana Dist) |
| Grand Father | : | Lt. Govindbhai Limbachiya |
| Grand Mother | : | Lt. Kantaben G. Limbachiya |
| Father | : | Jitendrabhai G. Limbachiya (Business, Unjha) |
| Mother | : | Chandrikaben J. Limbachiya (Gujarat Govt. Primary Teacher, Aithor) |
| Foi | : | Ushaben Govindbhai Limbachiya |
| Sister (Elder) | : | Dr. Snehal Mihir Sharma (Consultant Ophthalmologist, Civil Hospital Gandhinagar) |
| Brother in law | : | Dr. Mihir Sharma (Consultant Pathologist, Ahmedabad) |
| Sister (Younger) | : | Princy J. Limbachiya (B.A. 1st Year) |

**Contact Details :**

| | | |
|---|---|---|
| Mob. | : | 9909755081, 7567643746 |
| Address | : | 54, Bhagyalaxmi Society, Near Visnagar Road, Opp. City Pride Complex, Unjha - 384170 |

પર્વન જેની રચના ઇ.સ.ની બારમી સદીમાં થઈ છે, જેમાં સ્પષ્ટરૂપથી સમ્રાટ મહાપદ્મનંદને ગૌરવશાળી નાઈ નાપિત (વાળંદ) જાતિના બતાવવામાં આવ્યા છે. જે જાતિએ જૈન-બૌદ્ધ વિચારધારાને આત્મસાત કરીને પોતાની પરંપરાગત સર્જરીચિકિત્સા, રાજનૈતિક તથા બૌદ્ધાચાર્ય પ્રવૃત્તિથી પ્રાચીન ભારતને અંધવિશ્વાસથી દૂર કરીને વિશ્વ પટલ પર (દુનિયાભરમાં) જગતગુરૂના રૂપમાં સ્થાપિત કરી દીધો. સચ્ચાઈ તો એ છે કે આ જાતિ જેવો બીજી કોઈ જાતિનો ઇતિહાસ છે જ નહી જેને ગૌરવશાળી લોહીથી વિશુદ્ધ મૂળ નિવાસી તથા પ્રાચીન (જૂનો) કહેવાય શકે. પાણિનીના અષ્ટાધ્યાયીથી આપણને મૌર્યકાળથી પહેલાંની ભારતની રાજનૈતિક, સામાજિક તથા ધાર્મિક જાણકારી મળે છે. આ સાથે વિશાખદત્તના મુદ્રારાક્ષસ, સોમદેવના કથાસરિત્સાગર તથા ક્ષેમેન્દ્રના બૃહતકથામંજરીથી મૌર્યકાળ તથા તેના પહેલાની કેટલીક ઘટના (પ્રસંગો) પર પ્રકાશ પડે છે (જાણકારી મળે છે.) કૌટિલ્યના અર્થશાસ્ત્રથી કેટલાક પ્રકરણોથી ચક્રવર્તી સમ્રાટ મહાપદ્માનંદના આદર્શ શાસન પદ્ધતિની જાણકારી મળે છે. વિદેશી ઇતિહાસકાર કર્ટિયસે પણ નંદરાજા મહાપદ્મનંદને વાળંદ જ્ઞાતિના બતાવ્યા છે તથા સાયરોપીડિયાના અનુસાર પશ્ચિમી એશીયાના મહાન રાષ્ટ્રોની વચ્ચે થતી લડાઈમાં પંચ (લવાદ) બનવાની ઇચ્છા રાખવાવાળા સમ્રાટ ખૂબ જ સમૃદ્ધવાન તથા સૈન્યશક્તિથી મજબૂત હતા.

**પ્રેષક : રમેશભાઈ બી. ચાવડા, ધ્રાંગધ્રા**
**મો. ૯૪૨૭૩ ૭૩૫૮૧**

# અવસાન નોંધ

* **ચેમ્બુવા : પ્રેમાભાઈ હરજીભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **સુબાપુરા,** હાલ ભાભર : **ઈશ્વરભાઈ લાલજીભાઈ નાયી**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **વિરમગામ : કીરીટભાઈ રતિલાલ ઝીંઝુવાડિયા**નું તા. ૨૯-૧૨-૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **દિવાનપુરા,** હાલ અમદાવાદ : **બાબુભાઈ પ્રભુદાસ વાળંદ**નું તા. ૨૯-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **દાલોદ : નટુભાઈ પોપટભાઈ વાળંદ**નું તા. ૬-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **માલણપુર : બાબુભાઈ દમાભાઈ વાળંદ**નું તા. ૯-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ખંઢેરા,** હાલ અમદાવાદ : **નરસિંહભાઈ માધવજીભાઈ પાડલિયા**નું તા. ૧૪-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **અરીઠા,** હારીજ : **જેમાબેન ભુદરભાઈ નાયી**નું તા. ૬-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **મેરવાડા,** હાલ મહેસાણા : **મફતલાલ દશરથલાલ નાયી**નું તા. ૧૧-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* ગણવાડા (સમોડા), હાલ કીમ : **દિલીપભાઈ ચંદુલાલ નાયી**નું તા. ૮-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બેરણા,** તા. હિંમતનગર : **છગનભાઈ બબાભાઈ નાયી**નું તા. ૨૮-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* સરડોઈ, તા. મોડાસા : **અરખીબેન સોમાભાઈ નાયી**નું તા. ૩૦-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ગઢા,** તા. મોડાસા : **સવિતાબેન કાંતિભાઈ નાયી**નું તા. ૩૧-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ફતેપુર,** તા. પ્રાંતિજ : **પ્રભુદાસ કેવળભાઈ નાયી**નું તા. ૩-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **ચાંપલનાર,** તા. હિંમતનગર : **મંગુબેન મણિભાઈ નાયી**નું તા. ૬-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **બેરણા : ત્રિકમભાઈ બબાભાઈ શર્મા**નું તા. ૧૭-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે. તેઓ અડાઠમ જથના પ્રમુખશ્રી બિપીનભાઈ શર્માના પિતાશ્રી થાય.
* **પાટણ : રમીલાબેન હસમુખભાઈ લીમ્બાચીયા**નું તા. ૧૯-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **કોકતા** (વિરમગામ) : **વિજયાબેન અંબારામભાઈ પનારા**નું તા. ૨૨-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.
* **હસનનગર** (રાણિયાપુરા) : **શારદાબેન ઈશ્વરભાઈ વાળંદ**નું તા. ૨૨-૧-૨૪ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને**
**પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી**
**ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

# BIO-DATA





| | | |
|---|---|---|
| Name | : | **Parth Tarunbhai Parekh** |
| Birth Date | : | 08-01-1999 |
| Birth Time | : | 9.15 am |
| Birth Place | : | Nadiad |
| Height | : | 5' 9" |
| Weight | : | 68 kg. |
| Native Place | : | Anand |
| Hobbies | : | Travelling |
| Education | : | 12th Pass (Commerce Stram)<br>BCA, MCA<br>Master of Information Technology<br>(Software Design and Development)<br>Central Queensland University,<br>Australia |
| Current Job | : | In Australia |

## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Tarunbhai Govindbhai Parekh |
| Occupation | : | Automobile Shop |
| Contact Number | : | 98258 91890 |
| Mother | : | Pinaben Tarunbhai Parekh |
| Occupation | : | Teacher at Anganvadi |
| Brother | : | Jagrut Tarunbhai Parekh |
| Address | : | B/6, Laxmi Tenament<br>Nr. 80 Feet Road, Anand<br>Ta. & Dist. Anand |

## Maternal Details

| | | |
|---|---|---|
| Name | : | Nileshbhai Bhogilal Parekh (Mama) |
| Mosal Place | : | Nadiad |

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division

## બારમી પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન અર્પણ



**સ્વ. જ્યોતીન્દ્રભાઈ આર. નાયી**
**દેહાવસાન : ૧૮-૨-૨૦૧૨**

ગુજરાત વાળંદ સેવા સંઘના હિતચિંતક અને અગ્રગણ્ય દાતા સ્વ. જ્યોતીન્દ્રભાઈ આર. નાયીની ચિરવિદાયને બાર વર્ષ વીતી ગયાં. આ સંસ્થા માટે તેમનો જે અપ્રતિમ લગાવ અને દિલેર દાતારી રહ્યા તે કદી વીસરાશે નહિં. ગુજરાત વાળંદ સેવા સંઘને સધ્ધર કરવા 'રેવાબા સાંસ્કૃતિક હોલ' નિર્માણના મુખ્ય શિલ્પી દાતાશ્રી એવા તેઓ જીવનના અંતિમ શ્વાસ સુધી સંઘના હિતેચ્છુ દાતા રહ્યા છે.

સમાજઉત્કર્ષનાં હરેક સત્કાર્યોમાં તેમનાં ધર્મપત્ની સ્વ. શારદાબેન પણ સદા અગ્રેસર અને સહભાગી બન્યાં છે. ગુજરાત વાળંદ સેવા સંઘે હાલમાં જૂના વિદ્યાર્થીગૃહની જગ્યાએ નવિન બહુમાળી ભવનનું બાંધકામ હાથ ધર્યું છે ત્યારે આ સમયે ભામાશા સમાન આ દંપતિની ખોટ વર્તાય છે. સંસ્થા માટે તેઓ જે ઘસાઈ ચૂક્યા છે તે સદાય અમારી યાદોમાં છે અને રહેશે.

**નિર્મળ અને નિરાભિમાની ગુણિયલ આ વિરલ વિભૂતિ**
**સ્વ. જ્યોતીન્દ્રભાઈ આર. નાયીને બારમી પુણ્યતિથિએ કોટિ કોટિ વંદન.**

**– ગુજરાત વાળંદ સેવા સંઘ પરિવાર**

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA